## જન્મદિને વધામણી



કર્ણ મનીષકુમાર પટેલ



અંશુલ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮

# ‘સાફી’નું નૅશનલ કન્વેશન ગાંધીનગરમાં યોજાયું







ગાંધીનગર, તા. ૬

સૅલ્ફ ઍડવોકેટ્સ ફોરમ ઑફ ઇન્ડિયા (સાફી)નું ચોથું નૅશનલ કન્વેન્શન ગાંધીનગર ત્રિમંદિર ખાતે યોજવામાં આવ્યું હતું.

‘સાફી’ એ માનસિક વિશિષ્ટ અને સેરેબ્રલ પાલ્સીની અસર ધરાવતા વયસ્ક વ્યક્તિઓનું રાષ્ટ્ર સ્તરનું ફેડરેશન છે.

ત્રિમંદિર, અડાલજ ખાતે આયોજિત નૅશનલ કન્વેન્શનમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી આવેલાં ૧૫૦ જેટલાં સૅલ્ફ ઍડવોકેટ્સ અને ૧૦૦ જેટલા મૅન્ટર્સ ઉપરાંત વાલીઓએ ભાગ લીધો હતો.

૨૫મીએ ઓપનીંગ સૅરેમનીમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત ચૅમ્બર ઑફ કૉમર્સના વાઈસ પ્રૅસિડેન્ટ જયેન્દ્ર તન્ના, અતિથિ તરીકે સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાતના ડૉ. ડી જી ચૌધરી, પરિવાર ગુજરાત ફેડરેશનના રાજેન્દ્રભાઈ શાહ, પરિવાર ભારત ફેડરેશનના પ્રમુખ કમાન્ડર ઍસ બિજુર, સાફીનાં પ્રમુખ, પૂર્વ પ્રમુખ કર્નલ ગૌતમ સુદીપ્તા મિશ્રા અને મંત્રી જી પાર્થબન ઉપસ્થિત રહ્યા હતા.

દાદા ભગવાન ફાઉન્ડેશનના પૂ. દીપકભાઈએ આ કન્વેન્શન માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

બે દિવસના આ કન્વેન્શન દરમિયાન વિવિધ ટૅકનીકલ સૅશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડાન્સ, મૅજીક, ડ્રામા, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, રમતગમત અને ખાના ખજાના જેવા કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિશિષ્ટ વ્યક્તિઓની તાલીમ ઉપરાંત મૅન્ટર્સ અને વાલીઓ માટે પણ વિવિધ વિષયનાં સૅશન આ કાર્યક્રમ અંતર્ગત યોજવામાં આવ્યાં હતાં.

આ સાથે ‘સાફી’ની ઍક્ઝિક્યુટીવ કમિટીની મીટિંગ અને વાર્ષિક સાધારણ સભા પણ યોજવામાં આવી હતી.

કાર્યક્રમના બીજા દિવસે સૌ પ્રતિનિધિઓને ગીર ફાઉન્ડેશન સંચાલિત નેચર પાર્કની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ગીર ફાઉન્ડેશન તરફથી સૌ પ્રતિનિધિઓને નેચર પાર્કમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન દાદા ભગવાન ફાઉન્ડેશનના સહકારથી સાધના પૅરેન્ટ્સ ઍસોસિએશન, ગાંધીનગર અને અંબા ઍન્જલ્સ પૅરેન્ટ્સ ઍસોસિએશન, અડાલજ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માટે સીબીઍમ દ્વારા આર્થિક સૌજન્ય પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમ માટે ગંગારામભાઈ પટેલ, ભાનુપ્રસાદ ચૌહાણ, બીના ધાન્કાની અને જિજ્ઞેશ રાવલે જહેમત ઊઠાવી હતી.

# દિવાળી વેકેશન પૂરું : સ્કૂલ્સ પુનઃ કાર્યરત





ગાંધીનગર, તા. ૬

સ્કૂલ્સ માટે અમલમાં આવેલું ૨૦ દિવસનું દિપાવલી વૅકેશન આખરે શનિવારે પૂર્ણ થયું છે અને સોમવારથી શાળાઓનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે.

ગાંધીનગર શહેરની સ્કૂલ્સ સોમવારથી આરંભાઈ હતી, અમદાવાદ શહેરની ઘણી સ્કૂલો ને ગાંધીનગરની પણ બે સ્કૂલ્સમાં ૧ નવેમ્બરથી શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ સ્કૂલોમાં ક્રિસમસ વખતે અઠવાડીયાની રજા આપવામાં આવતી હોવાના લીધે સ્કૂલો દ્વારા દિવાળી વેકેશનમાં એક સપ્તાહનો ઘટાડો કરવામાં આવે છે.

સોમવારથી સ્કૂલ્સ ખૂલવાની હોવાથી સપ્તાહ અગાઉથી જ વાલીઓએ નવા સત્રનાં પુસ્તકો, શૈક્ષણિક સામગ્રી અને ગરમ કપડાં માટે બજારમાં ભીડ જમાવી દીધી હતી, જેના કારણે બજારોમાં પણ દિવાળી પછી પુનઃ ચહલપહલ જોવા મળી હતી.

સોમવારથી સ્કૂલ્સ ધમધમતાં વહેલી સવારથી રસ્તાઓ ઉપર સ્કૂલ્સ તરફ દોડતાં વાહનો અને વાલીઓ, વિદ્યાર્થીઓની ભરમાર જોવા મળતી હતી. આટલા દિવસ વૅકેશનને કારણે સુસ્ત બની રહેલું નગર જાણે વહેલી સવારથી જ ગતિમાં આવી ગયું હતું.

અલબત્ત, ઘણી સ્કૂલ્સમાં વિદ્યાર્થીઓની હાજરી ૧૦૦ ટકા નોંધાઈ ન હતી. બહારગામથી કે વતનથી પરત ઘરે ન પહોંચેલા વિદ્યાર્થીઓ કે પહેલા દિવસે શૈક્ષણિક કાર્ય ઓછું રહેશે, એમ માનીને સ્કૂલ સુધી ન પહોંચેલા વિદ્યાર્થીઓ પણ ઉલ્લેખનીય રહ્યા હતા. જો કે સ્કૂલ્સ દ્વારા શૈક્ષણિક કાર્યનો આરંભ પ્રથમ દિવસથી જ કરી દેવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓને પ્રથમ દિવસથી જ અભ્યાસમાં લાગી જવું પડ્યું હતું.

૬ નવેમ્બરથી આરંભાયેલું વર્ષ ૨૦૧૭નું આ બીજું શૈક્ષણિક સત્ર ૩૦ એપ્રિલ સુધી એટલે કે ૧૪૦ દિવસ ચાલશે. નવેમ્બરમાં શૈક્ષણિક કાર્યના ૨૨ દિવસ, ડિસેમ્બરમાં ૨૪, જાન્યુઆરીમાં ૨૬, ફેબ્રુઆરીમાં ૨૩, માર્ચમાં ૨૨ અને એપ્રિલમાં ૨૩ દિવસ શૈક્ષણિક કાર્ય માટે ઉપલબ્ધ રહેશે.

ઉલ્લેખનીય છે કે કેટલીક સ્કૂલ્સ દ્વારા વૅકેશન અગાઉ જ બીજા સત્રના અભ્યાસક્રમનો આરંભ કરી દેવામાં આવ્યો હતો ને કેટલીક સ્કૂલ્સ દ્વારા નવા સત્રના અભ્યાસક્રમનો પ્રારંભ સોમવારથી કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ, શિક્ષકોમાં દિવાળી વૅકેશન કેવું ગયું, ક્યાં ફરવા ગયા હતા અને દિવાળી હોમ વર્ક કેટલું બાકી છે એ અંગેની ચર્ચાઓ જ પ્રથમ દિવસે વધુ ચાલી હતી.

# હિન્દીના પેપર સાથે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ખાસ પરીક્ષા પૂર્ણ

### હવે, ૧.૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહી તપાસવાની કામગીરી ટૂંકમાં શરૂ કરી દેવાશે અને નવેમ્બર માસના અંત સુધીમાં પરિણામ આપી દેવાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ખાસ પરીક્ષાનું અયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા સોમવારે હિન્દી (દ્વિતિય ભાષા)ના પેપર સાથે પૂર્ણ થઈ હતી.

આ ખાસ પરીક્ષામાં સમગ્ર રાજયમાંથી ૧.૧૨ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. પરીક્ષા માટે ૨૩૧ બિલ્ડિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તમામ પરીક્ષા કેન્દ્રો સીસીટીવીથી સજ્જ હતા. સોમવારે પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવશે અને સંભવતઃ આ માસના અંત સુધીમાં પરિણામ જાહેર કરી દેવાશે તેમ સૂત્રો પાસેથી જાણવા મળે છે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૪ જેટલા વિષયોમાં બોર્ડ દ્વારા ફેરફાર કરવામાં આવ્યો હોઈ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમ મુજબ પાસ થવાની તક મળી રહે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૨૦૦૭થી લઈને ૨૦૧૭ સુધીમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે દિવાળી વેકેશન દરમિયાન ખાસ પરીક્ષા લેવાનું આયોજન કર્યુ હતું. અગાઉ આ પરીક્ષા ૨૩ ઓક્ટોબરથી શરૂ થનાર હતી. પરંતુ બોર્ડે તેમાં ફેરફાર કરી પરીક્ષા ૨૫ ઓક્ટોબરથી શરૂ કરવાનું નક્કી કર્યુ હતું.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ખાસ પરીક્ષામાં સમગ્ર રાજયમાંથી ૧,૧૨,૪૮૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ પરીક્ષા જિલ્લાના મુખ્ય મથકે લેવાનું આયોજન કરાયું હતું. પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઈ હતી અને સોમવારે હિન્દીના પેપર સાથે પૂર્ણ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે પરીક્ષા દરમિયાન અંગ્રેજી દ્વિતિય ભાષાના પેપરમાં ૧૦૦ માર્કના બદલે ૯૯ માર્કનું પેપર કાઢી બોર્ડ દ્વારા છબરડો કરવામાં આવ્યો હતો. આ સિવાય તમામ પેપરોમાં શાંતિપૂર્વક પરીક્ષા લેવાઈ હતી.

પરીક્ષા પૂર્ણ થતાં હવે, ૧.૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહી તપાસવાની કામગીરી ટૂંકમાં શરૂ કરી દેવાશે અને નવેમ્બર માસના અંત સુધીમાં પરિણામ તૈયાર કરી દેવાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તરવહી મુલ્યાંકન બાદ પરિણામ જાહેર કરાશે અને તેના આધારે હજુ નાપાસ વિદ્યાર્થીઓને તક આપવી કે કેમ તે નક્કી કરાશે તેમ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું.

# NCERTનાં પુસ્તકો ભણાવતી ૫૭ શાળામાં અલગથી પરીક્ષા લેવાશે

### ધોરણ ૧૦માં ૫૭ સ્કૂલોમાં NCERTનાં પુસ્તકોનો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં આવેલી ૫૭ જેટલી સ્કૂલોમાં ધોરણ-૧૦માં NCERTનાં પુસ્તકોના આધારે અભ્યાસ કરાવવાનો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકાયો છે. આ પ્રોજેક્ટ બાદ વિદ્યાર્થીઓને NCERTના અભ્યાસક્રમ ભણાવ્યા બાદ તેના આધારે જ બોર્ડની પરીક્ષા પણ લેવામાં આવનાર છે. હાલમાં ધોરણ-૧૦ના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે બોર્ડ દ્વારા જે સ્કૂલોમાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં છે તે સ્કૂલોએ વિદ્યાર્થીઓના ધોરણ-૧૦ના રજિસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓની વિગત અલગથી બોર્ડને મોકલવાની રહેશે. જેથી બોર્ડ દ્વારા આ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે આયોજન કરી શકાય. હાલમાં ૫૭ સ્કૂલોમાં જ પાયલોટ પ્રોજેક્ટ અમલમાં છે પરંતુ તેની સફળતાને જોતા આગામી વર્ષથી અન્ય ધોરણોમાં પણ તેનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગતવર્ષે રાજ્યની ૫૭ સ્કૂલોમાં NCERTના પુસ્તકો અભ્યાસક્રમમાં મૂકવાનો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટને સફળતા મળતાં ધોરણ-૧૦માં પણ તે ૫૭ સ્કૂલોમાં અમલ ચાલુ રાખવામાં આવ્યો હતો. જેથી ચાલુ વર્ષે રાજ્યની ૫૭ સ્કૂલોમાં ધોરણ-૧૦માં NCERTના પુસ્તકોનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે અને તેના આધારે બોર્ડ દ્વારા તેમની પરીક્ષા લેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ધોરણ-૧૦માં અંગ્રેજી, ગણીત અને વિજ્ઞાનના પુસ્તકો NCERT આધારિત છે.

દરમિયાન બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૮માં લેવામાં આવનારી ધોરણ-૧૦ની પરીક્ષા માટે હાલમાં ઓનલાઈન રજિસ્ટ્રેશનની કામગીરી ચાલી રહી છે. જેમાં સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી અંદાજે સાત લાખ જેટલા વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થઈ ચુક્યુ છે અને આગામી દિવસોમાં આ સંખ્યા વધશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ઓનલાઈન રજિસ્ટ્રેશન બાદ પ્રિન્સિપાલ મંજૂરી આપે ત્યાર બાદ ફોર્મ બોર્ડમાં સબમિટ થાય છે. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ સાથે પાયલોટ પ્રોજેક્ટની સ્કૂલોએ પણ તેમના વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન કરાવ્યા છે. પરંતુ પરીક્ષા દરમિયાન તેમને ગુજરાત બોર્ડના પેપર ન મળે તે માટે બોર્ડ દ્વારા તાજેતરમાં પરિપત્ર કરાયો છે.

# હું હોસ્પિટલને હમદર્દી મંદિર કહું છું : પૂ. રમેશભાઈ ઓઝા

ગાંધીનગર, તા. ૬

નોટબંધી અને જીએસટીનાં ક્રાંતિકારી પગલાં બાદ દેશભરમાં વિવિધ સૂર વ્યક્ત થયા હતા, આ સ્થિતિમાં કહેવાનું કે ટ્રેન જ્યારે ટ્રેક બદલે છે ત્યારે ધીમી પડે છે અને અવાજ પણ વધુ કરે છે. અત્યારે અર્થવ્યવસ્થારૂપી ટ્રેન ટ્રેક બદલી રહી છે, માટે જીડીપી ઘટી શકે અને અવાજ વધુ કરે, એ સ્વાભાવિક છે. પછી તે ગતિ પકડે તે તમે જોજો. અમદાવાદમાં તો બુલેટ ટ્રેનનું કામ પણ શરૂ થયું છે એટલે પછી અર્થવ્યવસ્થારૂપી ટ્રેન બુલેટ ટ્રેનની ગતિથી દોડશે, એમ જાણીતા કથાકાર, પૂ.રમેશભાઈ ઓઝાએ શનિવારે એસ.જી.વી.પી. હરિમંદિરમાં આયોજિત સત્સંગ સભામાં જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પૂ.ભાઈશ્રીએ જેનું ટૂંક સમયમાં ઉદ્‌ઘાટન થવાનું એવી ‘શ્રીજોગી સ્વામી એસ.જી.વી.પી. હોલિસ્ટિક હોસ્પિટલ’ની મુલાકાત પણ લીધી હતી. આ પ્રસંગે અનેક ઉદ્યોગપતિઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પૂ.ભાઈશ્રીએ જણાવ્યું કે એસ.જી.વી.પી. સંકુલમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ અપાઈ રહ્યું છે, એવું વિદ્યામંદિર છે. આરાધનાનું સ્થાન એવું હરિમંદિર છે અને ટૂંક સમયમાં એક ત્રીજું મંદિર, જેનું ઉદ્‌ઘાટન હવે થવાનું છે, એવું હોલિસ્ટિક હોસ્પિટલરૂપી આરોગ્યમંદિર ખુલ્લું મૂકાશે, જેમાં સૌની નિરામયતા માટેની આરાધના થશે. હું હોસ્પિટલને હમદર્દી મંદિર કહું છું. જે દર્દીઓ આવે તેના પ્રત્યે હમદર્દી હોય. મંદિરમાં જે દર્દીરૂપી ભગવાનની પૂજા, ડોકટર-વૈદ્યરૂપી પૂજારી કરશે. પૂજામાં જેમ સંકલ્પ માટે હાથમાં પાણી લેવામાં આવે છે, તેમ અહીં આંખમાં પાણી લઈને સંકલ્પ કરાશે. સાથે જ્યારે સાધુઓનો સંકલ્પ પણ દર્દીઓની ઝડપી સ્વસ્થતા માટે ભળશે. જેથી, ટ્રીટમેન્ટની સાથે હૂંફ મળશે અને દર્દીઓ ઝડપથી નિરામય બનશે.

# ઍન્જિનીયરિંગ જેવા અભ્યાસક્રમ પત્રવ્યવહારથી ન ચલાવો : સુપ્રિમ

### જોકે બૅન્ચ દ્વારા ૨૦૦૧-૦૫ બૅચના તમામ વિદ્યાર્થીઓને રાહત આપીને તેમને એઆઈસીટીઈની પરીક્ષા આપવાનું કહેવાયું

ગાંધીનગર, તા. ૬

કોઈપણ ટેકનિકલ કોર્સ કોરસપોન્ડન્સથી થઈ શકે નહીં, તેમ સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક ચુકાદામાં જાહેર કર્યું છે.

સુપ્રીમ કોર્ટે તમામ શૈક્ષણિક સંસ્થાઓને આદેશ કર્યો છે કે તેઓ એન્જિનિયરિંગ જેવા વિષય પત્રવ્યવહારના માધ્યમથી ન ભણાવે. એન્જિનિયરિંગ જેવો અભ્યાસ કોરસપોન્ડન્સ કોર્ષથી ન થઈ શકે. સુપ્રીમના ચુકાદા મુજબ ૨૦૦૧થી લઈને અત્યાર સુધી જે વિદ્યાર્થીઓએ આ ચાર ડીમ્ડ યુનિવર્સિટીઓ જેઆરએન રાજસ્થાન વિદ્યાપીઠ, ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ ઈન એજ્યુકેશન, રાજસ્થાન, અલ્હાબાદ એગ્રીકલ્ચર ઈન્સ્ટિટ્યુટ અને વિનાયક મિશન રિસર્ચ ફાઉન્ડેશન, તામિલડનાડુ પાસેથી એન્જિનિયરિંગની ડિગ્રી લીધી છે તેને રદ કરી દેવામાં આવી છે. જોકે, જસ્ટિસ એ કે ગોયલ અને યુયુ લલિતની બે સભ્યોની બેન્ચે ૨૦૦૧-૦૫ બેચના તમામ વિદ્યાર્થીઓને રાહત આપીને તેમને એઆઈસીટીઈની પરીક્ષા આપવાનું કહ્યું છે અને જો તેઓ આ પરીક્ષામાં પાસ થાય તો જ તેમને આ ડિગ્રી આપવામાં આવશે. જે યુનિવર્સિટીઓ જેમણે ટેકનિકલ કોર્સ માટે મંજૂરી લીધી નથી તેમને આ સવલત નહિ આપવામાં આવે અને તેમની ડિગ્રી રદ કરી દેવાશે.

# કોલેજોને હ્યુમન એથિકલ કમિટી બનવવા યુજીસી દ્વારા સૂચના

### યુજીસીની સૂચના બાદ ગુજરાત યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજને ત્રણ સભ્યોની કમિટીની રચના કરવા આદેશ કરાયો

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને હ્યુમન જીનેટિક પર થતાં સંશોધનો પર નિયંત્રણ રાખવા માટે દરેક સંસ્થાઓને હ્યુમન એથિકલ કમિટીની રચના કરવા સૂચના આપી છે. યુજીસીની સૂચના બાદ ગુજરાત યુનિવર્સિટીએ પણ દરેક કોલેજોને ત્રણ સભ્યોની કમિટીની રચના કરવા આદેશ કર્યો છે.

સાયન્સ અને કેટલીક આર્ટ્સ કોલેજોમાં પણ માનવ સંશોધનો થતાં હોય છે. સૂત્રો કહે છે અત્યાર સુધી થતાં સંશોધનો પર સીધું કોઈ નિયંત્રણ રાખવામાં આવતું નથી. યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યા કહે છે સામાન્ય રીતે કોલેજો યુનિવર્સિટી સાથે જોડાયેલી હોવાથી તેઓએ અલગથી કમિટી રચવાની જરૂર નથી. પરંતુ કોઈ કોલેજ યુનિવર્સિટીની જાણ બહાર અથવા તો જાણ કર્યા વગર આ પ્રકારના સંશોધનો કરતી હોય તો તેઓને કમિટી બનાવવા સૂચના અપાઈ છે.

# ગુજરાત યુનિ. દ્વારા રિપીટરને પાસ થવા બે તક અપાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાલ નવા કોર્સના આધારે તમામ વિષયોની પરીક્ષા લેવાઈ રહી છે. પરંતુ જો કોઈ વિદ્યાર્થીઓએ અગાઉ પરીક્ષા આપી હોય તો તેમને રિપીટર તરીકે કેટલી તક મળશે અને કેવી રીતે મળશે તેની વિગતો જાહેર કરાઈ છે. જે પ્રમાણે રીપીટરને વધુમાં વધુ બે તક અપાશે. યુનિવર્સિટીએ કરેલી જાહેરાત પ્રમાણે આર્ટસ,કોમર્સ અને સાયન્સમાં પ્રવેશ લેતાં એટલે કે ફ્રેશ વિદ્યાર્થીઓએ ફરજિયાત નવા જ કોર્સની પરીક્ષા આપવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ફ્રેશ વિદ્યાર્થીઓ જૂના કોર્સની પરીક્ષા આપી શકશે નહી. જે વિદ્યાર્થીઓ અગાઉ પરીક્ષા આપી ચૂક્યા હોય અને ફરીવાર રિપીટર તરીકે પરીક્ષા આપવા ઈચ્છતાં હોય તેઓને બે તક મળી શકશે. જો આ બે તક મળ્યા પછી પણ વિદ્યાર્થી જૂના કોર્સની પરીક્ષા પાસ ન કરી શકે તો તેણે ફરજિયાત નવા કોર્સની પરીક્ષા આપવાની રહેશે. જયારે બી.એ.,એમ.એ.માં રિપીટર વિદ્યાર્થીઓને ફરજિયાત અંગ્રેજી સિવાયના ભાષાના કોઈપણ વિષયમાં જૂના કોર્સમાં પરીક્ષા આપવાની તક આપવામાં આવતી નથી. એટલે કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત વગેરે વિષયમાં ફ્રેશ અને રિપીટર બન્ને પ્રકારના વિદ્યાર્થીઓએ ફરજિયાત નવા કોર્સની પરીક્ષા આપવાની રહેશે. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે,વિદ્યાર્થીઓના પ્રિન્ટેડ પરીક્ષા ફોર્મ કે હોલ ટિકિટમાં કોઈપણ પ્રકારની ભૂલ કે ખોટી માહિતી છપાઈ હોય તો યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલી વિગતો જ અંતિમ ગણવામાં આવશે.